* D N - 0 0 1 - 0 0 1 6 2 8 *

**DN-001-001628** Seat No. ________

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March – 2022**

## Gujarati : Paper - 22

*(ગુજરાતી કાવ્યનો આસ્વાદ, લોકસાહિત્યનું સંશોધન, સંપાદન, સર્જનાત્મક ગદ્ય, સંધિ, જોડણીભેદ, લેખન પ્રસંગ) (વૈકલ્પિક) (Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.
(2) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **14**

જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું;
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું,
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહી.... મારો....
તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ, પીંજર પડી રે રહ્યું.... મારો....
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ;
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં.... મારો....

**અથવા**

1 ચાલો ને રમીએ હોડી હોડી **14**

ચાલો ને, ચાલો ને... ચાલો ને...
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર,
ઝરણાં નાના જાય દોડી દોડી... ચાલોને...
બાપુનાં છાપાં નક્કામાં થોથાં.
કાપી કૂપીને કરીયે હોડી... ચાલોને...

સાદી ને સઢવાળી, નાની ને મોટી
　　મૂકીએ પવનમાં છોડી છોડી ... ચાલોને...
ખાલી રાખેલી ઊંઘી વળે તો
　　પાંદડાં ને ફૂલ ભરું તોડી તોડી... ચાલોને...
જા શે દરિયાપાર પરીઓના દેશમાં
　　સૌથી પહેલી, દોસ્ત ! મારી હોડી... ચાલોને...

- પિનાકિન ત્રિવેદી

2 મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન સંપાદનમાં આવતી મુશ્કેલીઓની ચર્ચા કરો. 14

**અથવા**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધન - સંપાદનમાં કઈ વિશેષ યોગ્યતા વર્તમાન સમયમાં જરૂરી છે ? ચર્ચો. 14

3 જોડણી એટલે શું ? વિગતે સમજાવો. 14

**અથવા**

3 જોડણી ભેદે થતા અર્થભેદના સાત ઉદાહરણ આપો. 14

4 ગુજરાતી ભાષામાં સર્જનાત્મક લેખન એટલે શું ? સર્જનાત્મક લેખનમાં કઈ બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે ? 14

**અથવા**

4 તમારી સંસ્થામાં યોજાઈ ગયેલા બ્લડ ડોનેશન કેમ્પના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. 14

5 કોઈ પણ બેના જવાબ આપો : 14

(1) ગુજરાતી લેખનમાં સ્વર સંધિ સમજાવો.

(2) ગુજરાતી લેખનમાં વ્યંજન સંધિ સમજાવો.

(3) ગુજરાતી લેખનમાં વિસર્ગ સંધિ સમજાવો.

(4) ગુજરાતી લેખનમાં સંધિ એટલે શું ? ઉદાહરણ સહિત સમજાવો.